ચાલુ નોકરીએ અવસાન પામેલ સરકારી કર્મચારી/અધિકારી/ નિવૃત્ત થયેલા અને કુટુંબ પેન્શન/પેન્શન મેળવતા સરકારી કર્મચારી/ અધિકારીના શારીરિક અથવા માનસિક અશકત/અંધત્વ પ્રાપ્ત સંતાનને આજીવન કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શન આપવા બાબત.

ગુજરાત સરકાર

**નાણા વિભાગ**

ઠરાવ ક્રમાંક:- પરચ-૧૦૨૦૧૩-ઓ.૮૯-પી

સરદાર ભવન, ગાંધીનગર.

**તા. ૦૫/૦૫/૨૦૧૬**

**વંચાણમાં લીધા:-**

(૧) નાણા વિભાગના તા.૬/૭/૮૯ ના ઠરાવ ક્રમાંક:એનવીટી-૧૩૮૭-જીઓઆઇ-૧૨-પી.૧

(૨) નાણા વિભાગના તા.૧૧/૦૩/૯૯ ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૯૭-૬૭૯-પી

(૩) નાણા વિભાગના તા.૬/૧૦/૯૯ ના ઠરાવ ક્રમાંક: નવત-૧૨૯૯-૧૧૬૦-પી

(૪) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯૩ ની જોગવાઇ

(૫) નાણા વિભાગના તા.૮/૪/૨૦૦૯ નાપરીપત્ર ક્રમાંક: નવત-૨૦૦૧-ડી-૪૯૬-પી

(૬) નાણા વિભાગના તા.૧૫/૫/૨૦૧૦ ના ઠરાવક્રમાંક: પરચ-૧૦-૨૦૧૦-એમ-૧-IWDMS-૧૨૨૯૪-પી

(૭) નાણા વિભાગના તા.૧૫/૯/૨૦૧૦ ના જાહેરનામા ક્રમાંક: GN-36-MIS-102010-1-P

(૮) આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના તા ૨૬/૧૦/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: હસપ-૧૦૨૦૦૨-જીઓઆઇ-૩૬-અ

(૯) ભારત સરકારના તા. ૧૬/૦૧/૨૦૧૩ ના ઓફિસ મેમોરન્ડમ નં.૧/૩૩/૨૦૧૨-P & PW(E)

**પ્રસ્તાવના:-**

ઉકત વંચાણે લીધેલ ઠરાવો તેમજ ગુજરાત મુલ્કી સેવા (પેન્શન)નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯૩ ની જોગવાઇ મુજબ હાલ સરકારી કર્મચારી/અધિકારીનાં શારીરિક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત કરેલ સંતાનને પરીણિત દરજ્જો ધરાવતાં હોય તો કુટુંબ પેન્શન મળવાપાત્ર થતું નથી તેમજ જે કિસ્સામાં પચીસ વર્ષ બાદ વિકલાંગતા/અંધત્વ આવેલ હોય તેવા સંતાનોને પણ કુટુંબ પેન્શન મળવાપાત્ર થતું નથી. વધુમા જો એક જ કુટુંબમા શારીરિક/માનસિક વિકલાંગતા/અંધત્વ ધરાવતા બાળકોની સંખ્યા એક કરતા વધુ હોય તો કુટુંબ પેન્શનની ચુકવણી ક્રમશ: કરવામા આવે છે.

આ સંદર્ભે અત્રે મળતી રજૂઆતો અન્વયે ૨૫ (પચીસ) વર્ષ બાદ શારીરિક/માનસિક વિકલાંગતા/અંધત્વ પ્રાપ્ત કરેલ સરકારી કર્મચારીના સંતાનને તથા ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક-(૯)ની જોગવાઇ મુજબ શારીરિક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત પરિણિત સંતાનને કુટુંબ પેન્શનનો લાભ મળે તે બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

ચાલુ નોકરીએ અવસાન પામેલ/નિવૃત સરકારી કર્મચારી/અધિકારી અને પેન્શન/કુંટુંબ પેન્શન મેળવતા સરકારી કર્મચારી/અધિકારીના શારીરિક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત કરેલ સંતાનને જીવન નિર્વાહ માટે તકલીફ ન પડે તે હેતુથી સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી પુખ્ત વિચારણાના અંતે શારીરિક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત સંતાનને કુટુંબ પેન્શનની ચુકવણી અંગે પ્રવર્તમાન નિયમોમા આથી આંશિક રીતે નીચે મુજબનો ઉમેરો/સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. નોકરી દરમ્યાન અથવા નિવૃત્તિ પછી સરકારી કર્મચારી/અધિકારીના અવસાન બાદ, જો તેમના દિકરા/દિકરીને પચીસ વર્ષની વય પ્રાપ્ત કર્યા બાદ શારીરિક/માનસિક અશકતતા કે અંધત્વ પ્રગટ થયેલ હોય, ત્યારે વંચાણે લીધેલ ક્રમાંક (૪) ના નિયમો હેઠળ, તેઓને કુટુંબ પેન્શનર ગણવામા આવશે, **પરંતુ, આ માટે કુંટુંબ પેન્શનની રકમ તરીકે સરકારશ્રીના વખતો-વખતના ઠરાવથી નિયત થયા મુજબની લઘુત્તમ કુંટુંબ પેન્શનની રકમ જ કુટુંબ પેન્શન તરીકે મળવાપાત્ર થશે.**

૨. શારીરિક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત કરેલ પુત્ર/પુત્રીઓને તેઓના **પરિણિત દરજ્જાને ધ્યાને લીધા વગર**, આજીવન કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શન મળવાપાત્ર થશે.

૩. જો પુત્ર/પુત્રીએ ૨૫ (પચીસ) વર્ષ પહેલા શારીરિક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત કરેલ હોય અને કુટુંબ પેન્શન મેળવતા હતા પરંતુ પરિણિત દરજ્જાના કારણે કુટુંબ પેન્શન બંધ થયેલ હતું ત્યારે તેઓને હવેથી **પરિણિત દરજ્જાને ધ્યાને લીધા વગર** તા.૧/૪/૧૬ થી નિયમોનુસાર મળવાપાત્ર (એફ.પી-૧ અથવા એફ.પી-૨) કુટુંબ પેન્શનની ચૂકવણી કરવાની રહેશે. વચ્ચેના સમયગાળા માટે કોઈ તફાવત મળવાપાત્ર થશે નહીં.

૪. જો કુટુંબમાં શારીરિક/માનસિક વિકલાંગતા/અંધત્વ ધરાવતા પુત્ર/પુત્રીઓની સંખ્યા એક કરતાં વધુ હોય તો કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શન આવા તમામ પુત્ર/પુત્રીઓને સરખા ભાગે વહેંચવાનું રહેશે.

**શરતોઃ-**

(૧) આ ઠરાવનો અમલ તા. ૦૧/૦૪/૨૦૧૬ થી કરવાનો રહેશે. એટલે કે-

ઠરાવ બહાર પડ્યા પહેલાં જો કર્મચારીના સંતાનને ૨૫ (પચીસ) વર્ષ બાદ વિકલાંગતા/અંધત્વ આવેલ હોય/પરિણિત દરજ્જો મેળવેલ હોય તો પણ તેઓને કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શનની રકમની ચુકવણી તા. ૦૧/૦૪/૨૦૧૬ થી કરવાની રહેશે.

(૨) કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શન મેળવતા શારિરીક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત કરેલ પરિણિત પુત્ર/પુત્રીના કિસ્સામાં આ પ્રકારે મળતું કુટુંબ પેન્શન/લઘુત્તમ કુંટુંબ પેન્શન ચાલુ નોકરીએ અવસાન પામેલ સરકારી કર્મચારી/અધિકારી/ નિવૃત્ત થયેલા અને પેન્શન મેળવતા સરકારી કર્મચારી/અધિકારીના સીધી લીટીના વારસદાર એવા શારિરીક/માનસિક વિકલાંગ/અંધત્વ પ્રાપ્ત પુત્ર/પુત્રી સુધી જ સિમિત રહેશે.

(૩) આ પ્રકારે કુટુંબ પેન્શન/લઘુત્તમ કુટુંબ પેન્શનની ચુકવણી માટે આવક મર્યાદા ધ્યાને લેવા અંગેની વખતો-વખતની જોગવાઈઓ યથાવત રાખવામા આવે છે.

(૪) નાણા વિભાગના તા.૮/૪/૨૦૦૯ ના પરિપત્રથી આપેલ સુચનાઓ તથા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના તા ૨૬/૧૦/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક-હસપ-૧૦૨૦૦૨-જીઓઆઇ-૩૬-અ માં કરેલ જોગવાઇ મુજબ નિયત કરેલ નમૂનામાં સીવીલ સર્જનથી નીચેની કક્ષાના નહિં તેવા અધિકારીના તબીબી પ્રમાણપત્રના આધારે જ આ બાળકો હયાત હોય ત્યાં સુધી જ તેઓને કુટુંબ પેન્શન/આજીવન લઘુતમ કુટુંબ પેન્શન મળવાપાત્ર થશે. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ ના નિયમ ૯૩ની અન્ય તમામ જોગવાઈ યથાવત રહેશે. ઠરાવમાં દર્શાવ્યા મુજબ સંબંધિત નિયમોમાં હવે પછી અલગ નોટીફીકેશનથી ઉમેરો/સુધારો કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(ચંદ્રવદન મેકવાન)**
સંયુક્ત સચિવ(પેન્શન)
નાણા વિભાગ.

પ્રતિ,

**નકલ રવાના:-**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્યમંત્રીશ્રીનાઅગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માન. મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાનામંત્રીઓનાઅંગતસચિવશ્રીઓ,
  માન. વિરોધપક્ષનાનેતાનાઅંગતસચિવશ્રી, ગુજરાતવિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
  સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,